**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૫/૦૪/૨૦૧૮ થી તા. ૨૧/૦૪/૨૦૧૮ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

(૧) **સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૨/૨૦૧૮ તા. ૧૫/૦૪/૨૦૧૮ :-**

તા. ૧૫/૦૪/૨૦૧૮ ના રોજ એક ઇસમ નામે-રામાલાલ સ/ઓ ધુલા જાતે-ખરાડી ઉ.વ. ૪૦ રહે. ભીલડી તા.રતલામ નંબર-૧૨, લાલ ગુડાન, રતલામ, મધ્યપ્રદેશવાળો સુરત રેલ્વે સ્ટેશન ઉપરથી મળી આવતા તેની પુછપરછ કરતા તે મંદ બુધ્ધીનો હોવાનું જણાઇ આવતા તેના વાલી વારસોને ફોન કરતા તેનો ભાઇ નામે-લાંબુભાઇ સ/ઓ દુલાભાઇ જાતે ખરાડી નાઓ પો.સ્ટે.માં રૂબરૂ આવતા તેઓનું વિગતવારનું નિવેદન લઇ યોગ્ય પુરાવા મેળવી તેઓની રૂબરૂમાં કબ્જો સોપવામાં આવેલ છે.

(૨) **સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૨૪/૨૦૧૮ તા. ૧૫/૦૪/૨૦૧૮ :-**

તા. ૧૫/૦૪/૨૦૧૮ના રોજ રોજ એક સ્ત્રી નામે-હંસાબેન વા/ઓ ગોવિંદભાઇ જાતે હોલીયા ઉ.વ.૫૩ ધંધો-સફાઇ કામદાર રહે.નવદુર્ગાનગર નવસારીવાળી ગઇ તા.૧૩/૦૪/૨૦૧૮ ના રોજ ઘરેથી કોઇને પણ કહ્યા વગર ક્યાંક જતી રહેલ જે સંબધેની અરજી તેઓના વાલી વારસો સુરત રે.પો.સ્ટે.માં ન આપતા ગુમ થનારનો મો નં.૮૫૧૧૩૩૪૭૦૬ ની કોલ ડીટેલ્સ કાઢી લોકેશન મંગાવી સંપર્ક કરી સદર મહિલાને સુરત રે.પો.સ્ટે.માં બોલાવતા તેઓનું વિગતવારનું નિવેદન લીધેલ જેમાં તેઓએ હું મારી મરજીથી જીવન જીવવા માગતી હોવાનું જણાવેલ છે.

(૩) **સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૩૧/૨૦૧૮ તા. ૨૧/૦૪/૨૦૧૮ :-**

તા.૨૧/૦૪/૨૦૧૮ ના રોજ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પો.કોન્સ. હાજર હતા ત્યારે એક બાળકી રેલ્વે સ્ટેશન ઉપર બેસેલ જોવામાં આવતા જેને બોલાવી તેનું નામ ઠામ પુંછતા પોતે પોતાનું નામ અંજલી ડો/ઓ રાધેશ્યામ જાતે ઉ.વ.૧૭ ધંધો-અભ્યાસ રહે.વ્રજેશ્વરીનગર પંચવટી નાશીક મહારાષ્ટ્ર વાળી ગઇ તા.૧૬/૦૪/૨૦૧૮ ના સ્કુલે જવાનું કહી ઘરેથી નીકળી ગયેલ હોય જેનો થેલો ચેક કરતા મોબાઇલ ફોન નં.૯૦૭૫૧૧૯૨૭૯ મળી આવતા જેના ઉપર સંપર્ક કરતા સદર મોબાઇલ નંબર મળી આવેલ બાળકીના પિતાનો હોય જેઓને જાણ કરતા તેઓએ સદર બાબતે પંચવટી પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૧૪૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ-૩૬૩ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. જે સંબધે મહારાષ્ટ્ર પોલીસ તથા તેના વાલી વારસોને રૂબરૂ બોલાવી નિવેદન લઇ યોગ્ય પુરાવા મેળવી તેઓની રૂબરૂમાં સદર બાળકીનો કબ્જો સોપવામાં આવેલ છે.

(૪) **સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર ૩૨/૨૦૧૮ તા. ૨૧/૦૪/૨૦૧૮ :-**

તા. ૨૧/૦૪/૨૦૧૮ના રોજ પોલીસ કર્મચારીઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા ત્યારે એક બાળકી રેલ્વે સ્ટેશન ઉપર તેઓના જોવામાં આવતા જેને બોલાવી તેનું નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ-મોની ડો/ઓ કુલભુષણ જાતે-શુક્લા ઉ.વ.૧૭ ધંધો-ઘરકામ રહે.હાલ રાજદીપનગર મકાન નં.૧૦૯, નવાગામ, ડીંડોલી, મુળ રહે.ઇલ્હાબાદ વાળીને તેના માતા પિતા વતનમાં ગયેલ હોય અને સદર બાળકીને તેના પાડોસીના ઘરે મુકી જતા રહેલ તે દરમ્યાન સદર બાળકી ફોન નં.૭૯૮૪૨૩૬૪૦૯ ઉપર વાતચીત થતા તેની સાથે પ્રેમ થઇ જતા લગ્ન કરવાના ઇરાદાથી ઘરેથી ભાગી જતા સુરત રેલ્વે પોલીસના હાથે ઝડપાઇ ગયેલ. જેને પુછતા જણાવેલ મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરી તેના સગાસંબધીને બોલાવી નિવેદન લઇ યોગ્ય પુરાવા મેળવી વાલીવારસોની રૂબરૂમાં સદર બાળકીનો કબ્જો સોપવામાં આવેલ છે.

Sd/-
**પોલીસ અધિક્ષક,**
**પશ્ચિમ રેલ્વે વડોદરા.**